પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૨ | ૨૪ માર્ચ, ૨૦૨૨, ગુરુવાર; ફાગણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હવે, ૬૦ કિલોમીટરમાં એક જ ટોલ પ્લાઝા

**કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીની જાહેરાત : ટોલ પ્લાઝાની નજીક રહેતા લોકોએ હવે ટોલ ટેક્સ ભરવો નહીં પડે : પાસ આપવામાં આવશે**



નવી દિલ્હી, તા.૨૩

એક તરફ પેટ્રોલ ડીઝલના ભાવમાં વધારો થઈ રહ્યો છે. વાહનો પણ મોંઘા થયા છે અને આવતા મહિનાથી મકાન લેવું પણ મોંઘુ થવાનું છે. તેવામાં લોકોને થોડી રાહત મળે તેવા સમાચાર છે. જો તમે હાઈવે પર મુસાફરી કરતા હોવ તો તમારા માટે રાહતના સમાચાર છે.

હાઈ-વે પર મુસાફરી કરવી સસ્તી થશે કારણ કે હવે ૬૦ કિલોમીટર પર માત્ર એક જ વખત ટોલ પ્લાઝા રહેશે. ટોલ પ્લાઝાની નજીક રહેતા લોકોએ હવે ટોલ ટેક્સ ભરવો નહીં પડે. ટોલ પ્લાઝાની નજીક રહેતા લોકોને પાસ આપવામાં આવશે, તે પાસ મારફતે તે લોકો ટોલ પ્લાઝા ફ્રીમાં ક્રોસ કરી શકશે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ??લોકસભામાં સરકારની આ યોજના વિશે માહિતી આપી હતી, સરકારની આ યોજના આગામી ૩ મહિનામાં અમલમાં આવશે.

મંગળવારે લોકસભામાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે ૬૦ કિલોમીટરના અંતરે ટોલનાકુ હોવું જોઈએ. ૬૦ કિલોમીટરથી ઓછા અંતરે ટોલનાકુ હશે તો બંધ કરવામાં આવશે. ત્યારે રાજકોટ જુનાગઢ હાઈવે પર માત્ર ૩૫ કિ.મી.ના અંતરે બે ટોલનાકા છે. ભરૂડી અને પીઠડીયા ટોલનાકામાં ઘણા વર્ષોથી ટોલ ટેક્ષ વસુલ કરવામાં આવે છે. ત્યારે હવે એવી માંગ ઉઠી રહી છે કે, આ ટોલટેક્સ ગડકરીના નિવેદન મુજબ બંધ થવા જોઈએ.

## ૩૧ માર્ચથી કોરોનાના પ્રતિબંધો દૂર કરાશે

**માસ્ક-સોશિયલ ડિસ્ટન્સિંગ યથાવત : રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ જારી કરાયેલી ગાઈડલાઈન્સને દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો**

નવી દિલ્હી, તા.૨૩

કોરોનાના કેસમાં મોટો ઘટાડો થતા સરકારે ૩૧ માર્ચથી મહત્વના ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે. કોરોનાના કેસ વધતા લાગુ કરાયેલા પ્રતિબંધો ઉઠાવવાનો મહત્વનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા કરાયો છે. જોકે, માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમ પહેલાની જેમ જ યથાવત રહેશે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે બુધવારે આ અંગે આદેશ જારી કર્યો છે. જેમાં કેટલાક મહત્વના નિર્ણયો કરવામાં આવ્યા છે.

દેશમાં કોરોનાના કેસમાં ઘટાડો થતા સ્થિતિમાં સુધારો દેખાઈ રહ્યો છે. આ કારણે સરકારે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટને પરત લેવાનો નિર્ણય લેવાયો છે. જોકે, સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા સલાહ આપવામાં આવી છે કે કોરોનાથી બચાવ માટે સાવધાની રાખવી જોઈએ. જો કોઈ રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશના કોઈ ભાગમાં કોરોનાના કેસ વધે તો રાજ્યએ તેને રોકવા માટે જરુરી પગલા ભરવાના છે.

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટને કોરોના મેનેજમેન્ટ ઉપયોગમાં લેવામાં આવ્યો હતો જોકે, હવે તેને પરત ખેંચવાનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાના પત્રમાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ જારી કરાયેલી ગાઈડલાઈન્સને દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૪ માર્ચ ૨૦૨૦એ પહેલીવાર દેશમાં કોરોના વાયરસના સંક્રમણ સામે લડવા માટે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ લાગુ કરવામાં આવ્યો હતો. પત્રમાં લખવામાં જણાવવામાં આવ્યું છે કે, વૈશ્વિક મહામારી હેઠળ પ્રકોપની સ્થિતિ અને સરકારની તૈયારીઓને ધ્યાને લીધા બાદ, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ દ્વારા નિર્ણય કરાયો છે કોરોનાને અટકાવવા માટે ડીએમ એક્ટની જોગવાઈ હવે લાગુ કરવાની કોઈ જરુરિયાત નથી. આ સાથે ભલ્લાએ પત્રમાં જણાવ્યું છે કે, લાગુ નિયમોની અવધી ૩૧ માર્ચે પૂર્ણ થઈ રહી છે અને તે પછી ગૃહ મંત્રાલય તરફથી આ સંબંધમાં કોઈ અન્ય આદેશ જારી કરવામાં આવશે નહીં.

## ચીનમાં કોરોનાના કેસ વધતા લોકડાઉનની સ્થિતી

**મુસાફરી પર પ્રતિબંધ, સ્વાસ્થ્ય અધિકારીઓ પર કાર્યવાહી : ટોચના નેતાઓએ અધિકારીઓને ચેતવણી આપી છે કે જો તેઓ રોગચાળાને કાબૂમાં રાખવામાં નિષ્ફળ જશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે**

નવી દિલ્હી,તા.૨૩

ચીનમાં કોરોનાના કેસો ફરી એકવાર તબાહી મચાવી રહ્યા છે. આ વાયરસના અત્યંત ચેપી પ્રકાર ઓમિક્રોનને કારણે કોવિડ-૧૯ના કેસમાં ઝડપથી વધારો થયો છે. છેલ્લા એક મહિનામાં, ૭૦ થી વધુ અધિકારીઓને વાયરસને નિયંત્રિત કરવામાં નિષ્ફળ રહેવા બદલ સજા કરવામાં આવી છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ અનુસાર, ટોચના નેતાઓએ અધિકારીઓને ચેતવણી આપી છે કે જો તેઓ રોગચાળાને કાબૂમાં રાખવામાં નિષ્ફળ જશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. આરોગ્ય અધિકારીઓએ સ્વીકાર્યું કે મોટાભાગના કેસોમાં ઓછા અથવા કોઈ લક્ષણો દેખાતા નથી, જેના કારણે અંદાજો લગાવવો મુશ્કેલ બને છે. અખબારે દાવો કર્યો છે કે વર્તમાન વેવ દરમિયાન તેમની ફરજો નિભાવવામાં નિષ્ફળ રહેવા બદલ ઓછામાં ઓછા ૭૪ અધિકારીઓને બરતરફ કરવામાં આવ્યા છે અથવા ઠપકો આપવામાં આવ્યો છે.

દરમિયાન, મંગળવારે ચીનમાં ચેપના ૪,૭૦૦ થી વધુ નવા કેસ નોંધાયા હતા. આમાંના મોટાભાગના કેસો ઉત્તર પૂર્વીય પ્રાંત જિલિનમાંથી નોંધાયા છે, જ્યાં લોકડાઉનને કારણે ૯ મિલિયનથી વધુ લોકો તેમના ઘરોમાં બંધ છે. જિલિનમાં મુસાફરી પર પ્રતિબંધ છે અને પ્રવાસ કરવા માંગતા નાગરિકોએ પોલીસને જાણ કરવી જરૂરી છે. જિલિન પ્રાંતની રાજધાની ચાંગચુનમાં, સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યામાં સતત પાંચમા દિવસે વધારો થયો છે.

## NASAએ શોધી Alienની ૫૦૦૦ જુદી જુદી દુનિયા

**સૌરમંડળની બહાર પણ છે હાજરી : આપણા સૌરમંડળમાં સમાવિષ્ટ ગ્રહો સિવાય અવકાશમાં ૫૦૦૦ થી વધુ ગ્રહો છે જેનું પોતાનું અલગ વિશ્વ છે**

નવી દિલ્હી,તા.૨૩

માનવીઓ એલિયન્સ વિશે ઘણું જાણવા અને સમજવા માંગે છે. ક્યારેક તમારા મનમાં આ વિચાર આવ્યો જ હશે કે આખરે એલિયન્સની કેટલી દુનિયા હોઈ શકે? તે કયા ગ્રહો પર હશે? તો તેનો જવાબ અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ શોધી કાઢ્યો છે. નાસા જે ઘણા વર્ષોથી આ શોધમાં છે, તેમણે હવે પુષ્ટિ કરી છે કે સૂર્યમંડળ સિવાય, અવકાશમાં આવા ૫૦૦૦ વિશ્વ છે જેના વિશે આપણે જાણતા પણ નથી. નાસાએ ટ્રાન્ઝિટીંગ એક્સોપ્લેનેટ સર્વે સેટેલાઈટની મદદથી આ શોધી કાઢ્યું છે. આ બધા ગ્રહો અથવા વિશ્વો આપણા સૌરમંડળ અથવા આકાશગંગાની બહાર અસ્તિત્વ ધરાવે છે, તેથી જ તેમને એક્સોપ્લેનેટ કહેવામાં આવે છે. આ બધા ઈજીજી ની મદદથી મળી આવ્યા હોવાથી તેને ટેસ ઓબ્જેક્ટ્સ ઓફ ઈન્ટરેસ્ટ કહેવામાં આવે છે. સૌરમંડળમાં કુલ ૬૫ ગ્રહો જોવામાં આવ્યા છે, જેને નાસા એક્સોપ્લેનેટ આર્કાઈવમાં રાખવામાં આવ્યા છે. તે કોસ્મિક સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે. તેમાંનો દરેક એક્સોપ્લેનેટ પોતાનામાં એક વિશ્વ છે. એક્સોપ્લેનેટ આર્કાઈવ સાયન્સના વડા જેસી ક્રિશ્ચિયનસેને કહ્યું કે આ ખૂબ જ રોમાંચક છે અને અમે આ બધા વિશે જાણવા માંગીએ છીએ.

## રશિયા ન્યૂક્લિયર શસ્ત્રોનો ઉપયોગ નહીં કરે

નવી દિલ્હી,તા.૨૩

રશિયા-યુક્રેન યુદ્ધને એક મહિનો થવાનો છે. દરરોજ રશિયા ઘાતક હુમલા કરવામાં વ્યસ્ત છે. મિસાઈલ હુમલા અને બોમ્બ ધડાકાએ યુક્રેનના ઘણા શહેરોને ખંડેર અને કાટમાળમાં ફેરવી દીધા છે. બીજી તરફ અમેરિકાની આશંકાઓ વચ્ચે રશિયાએ જાહેરાત કરી છે કે તે યુદ્ધમાં પરમાણુ હથિયારોનો ઉપયોગ ક્યારે કરશે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે મંગળવારે સીએનએનને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે રશિયાની સુરક્ષા નીતિ નક્કી કરે છે કે દેશ પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ ત્યારે જ કરશે જ્યારે તેના અસ્તિત્વને ખતરો હશે. રશિયાનું આ નિવેદન યુક્રેનમાં પોતાની સેના મોકલ્યાના લગભગ ચાર અઠવાડિયા પછી આવ્યું છે. પેસ્કોવે આ વાત ત્યારે કહી જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ માને છે કે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પરમાણુ હથિયારોનો ઉપયોગ નહીં કરે. આ અંગે પેસ્કોવે કહ્યું, 'આપણી પાસે ઘરેલું સુરક્ષાનો ખ્યાલ છે અને તે સાર્વજનિક છે. તમે પરમાણુ શસ્ત્રોના ઉપયોગના તમામ કારણો વાંચી શકો છો. 'તેથી જો દેશના અસ્તિત્વ પર ખતરો ઉભો થશે, તો તે પરમાણુ હથિયારનો ઉપયોગ થઈ શકે છે. દેશના સુરક્ષા ખ્યાલના અન્ય સંદર્ભમાં, તેમણે કહ્યું, "તેમાં અન્ય કોઈ કારણોનો ઉલ્લેખ નથી."

## યુપીમાં માલગાડીના બે ભાગ, ૨૮ ડબ્બા એન્જિન વગર દોડ્યા

કાનપુર, તા.૨૩

યુપીમાં એક મોટી ટ્રેન દુર્ઘટના સર્જાતા રહી ગઈ છે. બાંદાથી કાનપુર જતી માલગાડી અચાનક જ બે ભાગમાં વહેંચાઈ ગઈ હતી. મળતી વિગતો પ્રમાણે મંગળવારે બપોરે બાર વાગ્યે માલગાડી બાંદાથી કાનપુર જઈ રહી હતી ત્યારે અચાનક જ બે ડબ્બા વચ્ચેના કપલિંગ ખુલી ગયા હતા. જેના પગલે ટ્રેન બે હિસ્સામાં વહેંચાઈ ગઈ હતી.

**યુપીમાં મોટી ટ્રેન દુર્ઘટના સર્જાતા રહી ગઈ : રેલવે ટ્રેકના કિનારા પર આવેલા ખેતરોમાં કામ કરતા ખેડૂતો પણ ટ્રેનના છુટા ડબ્બા જોઈને ચોંકી ઉઠ્યા**

લગભગ બે ડઝન ડબ્બા ટ્રેન સાથે આગળ નિકળી ગયા હતા અને બાકીના ૨૮ ડબ્બા એન્જિન વગર થોડા સમય માટે ટ્રેક પર દોડતા રહ્યા હતા.

રેલવે ટ્રેકના કિનારા પર આવેલા ખેતરોમાં કામ કરતા ખેડૂતો પણ આ દ્રશ્ય જોઈને ચોંકી ઉઠાયા હતા. જોકે માલગાડીના ચાલકને જાણકારી મળતા તેણે ટ્રેન રીવર્સમાં લીધી હતા અ્ને ડબ્બાને ફરી જોડયા હતા.

જોકે આ ઘટનાની તપાસ માટે રેલવે દ્વારા હવે એક કમિટિ બનાવવામાં આવી છે. કારણકે આ દુર્ઘટનાના પગલે દોઢ કલાક સુધી સેંકડો ટ્રેનો અટકી ગઈ હતી.




